# ગાંધીનગર મહાનગરપાલિકા

બહુમાળી ભવન, પ્રથમમાળ4 સેકટર-૧૧, ગાંધીનગર-૩૮૨૦૧૧
ફોન નંબર-૦૭૯ ૨૩૨ ૨૦૪૪૦4 ફેક્સ નંબર-૦૭૯ ૨૩૨ ૨૧૪૧૯
Email :gmc8gandhinagar@gmail.com

ક્રમાંક : ગાં.મ.ન.પા./મકમ/ફ.ન. ૨૭૨/ 1686૨/૨૦૨૩, તા. ૦૨/૦૮/૨૦૨૩.

હુકમ :-

ગાંધીનગર મહાનગરપાલિકા સંચાલિત ઢોર ડબ્બામાં ઢોરોની સંખ્યા ૧૩૫૦ થી પણ વધુ છે તેમજ ઢોર ડબ્બા પર ચોમાસાની ઋતુને ધ્યાને લઇ ને ગંદકી તેમજ સાફ સફાઈ અને અન્ય પ્રશ્નો ઉપસ્થિત થાય છે તેમજ રાજ્યપાલશ્રીની આકસ્મિક મુલાકાત દરમિયાન પણ કેટલાક સુચન કરવામાં આવ્યા હતા. આ તમામ બાબતોને લક્ષમાં લઈને સેક્ટર-૩૦ ખાતે આવેલ પાંજરાપોળમાં રાખવામાં આવેલ ઢોરની વ્યવસ્થા સુચારૂ રૂપે થાય તે ખૂબજ અગત્યનું છે તેમજ CNCD ની રોજબરોજની વહીવટી કામગીરી જેમાં ટેન્ડર બહાર પાડવું, ઘાસ ખરીદવું, ઢોર માટે ની દવા ખરીદવી, ખરીદેલ વસ્તુઓના ચૂકવણાની કામગીરી તથા CNCD ના મહેકમની હાજરીની ચકાસણી કરી સંપૂર્ણ શાખા પર નિયંત્રણ કરવું વગેરે કામગીરી કરવાની થતી હોવાથી ત્યાં વહીવટીકામના જાણકાર અધિકારીશ્રીની નિમણુક સત્વરે કરવાની થાય છે. તો હાલમાં ગાંધીનગર મહાનગરપાલિકા ની સામાન્ય સભા દ્વારા CNCD શાખામાં એક સિનીયર વહીવટી અધિકારીની જગ્યા મંજુર કરવામાં આવેલ છે. તો તે જગ્યા પર અત્રે ની કચેરી ના વહીવટી અધિકારીશ્રી અમિત સિંધાઈ ને અન્ય વ્યવસ્થા ન થાય ત્યાં CNCD માં સિનીયર વહીવટી અધિકારી ની જગ્યાનો ચાર્જ પોતાની હાલ ની કામગીરી ઉપરાંત વધારાની કાગીરી કરવા હુકમ કરવામાં આવે છે.

શ્રી અમિત સીધાઈએ તાત્કાલિક અસરથી સેક્ટર-૩૦ માં આવેલ ઢોરડબ્બા ખાતે સિનીયર વહીવટી અધિકારીનો નો ચાર્જ સંભાળી અત્રે જાણ કરવાની રહેશે.

નોંધ પર મળેલ માન.કમિશનર શ્રી ની તા.૨/૮/૨૦૨૩ ની મંજુરી અનુસાર.

નાયબ મ્યુનિસિપલ કમિશનર
ગાંધીનગર મહાનગરપાલિકા

પ્રતિ

(૧) શ્રી અમિત સીધાઈ, વહીવટી અધિકારીશ્રી તરફે તાત્કાલિક ધોરણે અમલવારી કરવા સારૂં.

નકલ રવાના :-

(૧) તમામ મદદનીશ મ્યુનિસિપલ કમિશનરશ્રી, ગાંધીનગર મહાનગરપાલિકા તરફે જાણ સારૂં
(૨) મ્યુનિસિપલ સેક્રેટરીશ્રી, ગાંધીનગર મહાનગરપાલિકા તરફે પદાધિકારીશ્રીઓના ધ્યાને મુકવા સારુ
(3) ચીફ ઓડીટરશ્રી, ગાંધીનગર મહાનગરપાલિકા તરફે જાણ સારૂં
(૪) તમામ હિસાબી અધિકારીશ્રીઓ, ગાંધીનગર મહાનગરપાલિકા તરફે જાણ સારૂં
(૫) ગાંધીનગર સ્માર્ટસીટી ડેવલોપમેન્ટ લિ. તરફ કચેરીની વેબસાઈટ પર અપલોડ કરવા સારૂ.